# રાજ્યમાં કોરોનાના વધુ ત્રણ કેસ : કુલ ૪૭

## રાજકોટમાં ૧૧ સેમ્પલ પૈકી મોડી સાંજે ત્રણ પોઝિટિવ કેસ નિકળ્યા : ગુજરાતભરમાં લોકડાઉનની સ્થિતિ વચ્ચે સાવચેતીના તમામ પગલાઓ અને ઉંડી ચકાસણીનો દોર જારી : 3 કરોડથી વધારે લોકોનું નિરીક્ષણ કરાઇ ચુક્યું

ગાંધીનગર, તા.૨૭

ગુજરાતમાં કોરોના વાયરસના કેસોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. લોકડાઉનની સ્થિતિ વચ્ચે સાવચેતીના તમામ પગલા લેવાઈ રહ્યા હોવા છતાં કેસો સપાટી ઉપર આવી રહ્યા છે. આજે મોડી સાંજે રાજકોટમાં ૧૧ સેમ્પલોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા જે પૈકી ત્રણ પોઝિટિવ આવ્યા હતા. આની સાથે જ રાજકોટમાં કુલ કેસોની સંખ્યા વધીને ૮ થઈ હતી જ્યારે ગુજરાત રાજ્યમાં કોરોના વાયરસના કેસોની સંખ્યા ૪૮ ઉપર પહોંચી હતી. આની સાથે જ ગુજરાતમાં કોરોના કેસોની સંખ્યા ધીમી ગતિએ પણ વધી રહી છે. બીજી બાજુ રાજ્યમાં ત્રણ કરોડ લોકોનું સર્વેક્ષણ થઈ ચુક્યું છે. રાજય સરકાર, આરોગ્ય વિભાગ, વહીવટી તંત્ર અને પોલીસ દ્વારા જે પ્રયાસો થઈ રહ્યા છે અને પ્રજાનો લોકડાઉનમાં જે સહકાર મળી રહ્યો છે તે જોતાં કોરોના વાયરસને હરાવવામાં સફળતા મળશે તેવું આશાનું કિરણ જાગ્યું છે. જો કે, સરકારે સ્પષ્ટ કર્યું હતું કે, હજુ સંકટ ટળ્યું નથી આપણે આ રીતે જ ભારે જાગૃતતા દાખવી સોશ્યલ ડિસ્ટન્સીંગ અને લોકડાઉનનો અમલ કરી કોરોનાને હરાવવાનો છે. સરકાર અને તંત્ર અત્યારે કોરોનાની પરિસ્થિતિને લઈ એકદમ હાઈએલર્ટ મોડ પર યુધ્ધના ધોરણે કામ કરી રહ્યા છે. ગઈકાલે સુરત બાદ હવે અમદાવાદ અને ભાવનગરમાં કોરોના વાયરસના કારણે એક-એક વ્યકિતના મોત નોંધાતાં સમગ્ર રાજયમાં ભારે ચકચાર મચી ગઈ છે. આ સાથે ગુજરાતમાં કોરોના વાયરસના કારણે અત્યારસુધીમાં કુલ ત્રણના મોત નોંધાયા છે. રાજકોટમાં ૧૩ જણાંના કોરોના શંકાસ્પદ કેસ જણાંતા તેમના સેમ્પલ લેબમાં મોકલાયા હતા, જેમાંથી ગઈકાલે ૧૨ના રિપોર્ટ નેગેટિવ આવ્યા હતા, જયારે એક યુવકનો રિપોર્ટ પોઝિટિવ આવતાં રાજકોટમાં કુલ પાંચ કોરોના પોઝિટિવ કેસ થયા હતા. રાજયમાં કુલ નોંધાયેલા કોરાના પોઝિટિવના ૪૪ કેસોમાં સૌથી વધુ અમદાવાદમાં ૧૬ કેસ નોંધાયા છે. ભાવનગરના એકમાત્ર કોરોના પોઝિટિવ કેસના દર્દી એવા કરચરિયા પરાના ૭૦ વર્ષીય વૃધ્ધનું ગઈકાલે મોત નોંધાતા કોરોનાના કહેરને લઈ રાજયભરમાં હવે જાણે કે, સન્નાટો છવાઈ ગયો હતો. આ દર્દી છેલ્લા ૧૪ દિવસથી સર ટી હોસ્પિટલમાં કવોરન્ટાઈન હેઠળ સારવારમાં હતા અને તેઓ દિલ્હીથી પ્રવાસ કરી ભાવનગર આવ્યા હતા. બીજીબાજુ, અમદાવાદ ખાતે જે ૮૫ વર્ષીય વૃધ્ધાનું જે મૃત્યુ નોંધાયુ તે સાઉદી એરેબિયાની ટ્રાવેલ હીસ્ટ્રી ધરાવતા હતા. તેમને માનસિક બિમારીના લક્ષણો પણ જણાયા હતા. લોકડાઉનની સ્થિતિ વચ્ચે પણ ગુજરાતમાં પણ છેલ્લા ૨૪ કલાકમાં કોરોના પોઝિટિવનો નવો કેસ સામે નહી આવતાં રાજય સરકાર અને તંત્રની સાથે સાથે રાજયની જનતાએ પણ બહુ મોટી રાહત અનુભવી હતી. જો કે, સરકાર અને તંત્ર વધુ આક્રમકતા સાથે અસરકારક આરોગ્ય સેવાની અમલવારીમાં લાગેલું છે. હાલની સ્થિતિએ અમદાવાદમાં ૧૬, સુરતમાં ૭, રાજકોટમાં ૮, વડોદરામાં ૮ અને ગાંધીનગરમાં ૭ તથા કચ્છ અને ભાવનગરમાં ૧-૧ કેસ સામે આવ્યો છે. આમ કુલ મળી ગુજરાતમાં ૪૮ કેસ નોંધાયા છે. આમ, અમદાવાદ, વડોદરા અને ભાવનગરમાં એક-એક નવા કોરોના પોઝિટિવના કેસો ઉમેરાયા છે.

### રાજ્યમાં કોરોના કેસો

| શહેર | કેસ |
|---|---|
| અમદાવાદ | ૧૫ |
| વડોદરા | ૦૮ |
| સુરત | ૦૭ |
| રાજકોટ | ૦૮ |
| ગાંધીનગર | ૦૭ |
| કચ્છ | ૦૧ |
| ભાવનગર | ૦૧ |
| ગુજરાતમાં કુલ કેસ | ૪૮ |



### ડીસામાં લોકડાઉનની નહિવત અસર

સમગ્ર દુનિયામાં કોરોના વાયરસનો આંતક ફેલાયો છે. દિન પ્રતિદિન ભારત સહિત વિવિધ દેશોમાં મૃત્યુના આંકડા વધી રહ્યા છે. આ જીવલેણ રોગે ભારતને પણ ભરડામાં લીધું છે, જેને લઈ તેના દર્દીઓના આંકડા પણ વધી રહ્યા છે. જો કે આ મહામારીને સંક્રમણને રોકવાનો એક માત્ર ઉપાય લોકડાઉન હોઈ સમગ્ર દેશમાં ૨૧ દિવસના લોકડાઉનના આદેશ આપવામાં આવ્યા છે. જો કે સરકારના આ આદેશ બાદ પણ મોટા ભાગના લોકો તેનો અમલ કરતા નથી, જેમા શુક્રવારે પણ ડીસાના શાકમાર્કેટ નજીકમાં મોટી સખ્યામાં લોકો વાહનો લઈ ઉમટી પડ્યા હતા અને સોસીયલ ડિસ્ટન્સનું પણ પાલન કર્યા વિના મોટા ટોળા કરી ખરીદી કરતા જોવા મળ્યા હતા, જેથી મોટા પ્રમાણમાં ભીડ જમા થતા પરિસ્થિતિ વિકટ બની હતી. ત્યારે તંત્ર જીવન જરૂરી વસ્તુઓ માટે હોમ ડિલિવરીનો પ્રબંધ કરે તે અનિવાર્ય નહિ પણ આવશ્યક છે.

## ડીસાના શાક માર્કેટમાં નિયમનો ભંગ કરનાર સામે કાર્યવાહી કરાશે

### હોલસેલ વેપારીઓ સવારે ૪ થી ૧૦ અને છુટક વેપારીઓ ૪ થી ૧૨ સુધી જ વેપાર કરી શકશે

ડીસા, તા. ૨૭

બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસાના વિ.જે. પટેલ શાકભાજી માર્કેટમાં હોલસેલ તેમજ છુટક શાકભાજીનો વેપાર કરતા વેપારીઓનો સમય નક્કી કરાયો છે તેમજ નિયમનો ભંગ કરનાર વેપારીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવાનું પણ નક્કી કરવામાં આવ્યું છે.

ગુજરાત સરકાર દ્વારા કોરોના વાયરસના લીધે જાહેર કરવામાં આવેલ લોક ડાઉન દરમિયાન લોકોને શાકભાજી વ્યાજબી અને સરળતાથી મળી રહે તે માટે ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈના માર્ગદર્શન મુજબ સેક્રેટરી એ.એન. જોષીએ શાકભાજીનું હોલસેલ અને છુટક વેચાણ કરતાં વેપારીઓ સાથે બેઠક યોજી સમય નક્કી કરવામાં આવ્યો છે. જેમાં હોલસેલ વેપારીઓ માટે સવારે ૪ થી ૧૦ અને છુટક વેપાર કરતા વેપારીઓ માટે સવારે ૪ થી ૧૨ વાગ્યાનો સમય નક્કી કરાયો છે. જો કે વેપારના સમય દરમ્યાન ટોળાં ભેગા ન કરવા, સોશ્યલ ડીસ્ટન્સ જાળવવા, લારી ધારકોએ સોસાયટીમાં જઈને વેપાર કરવા ઉપરાંત નિયમનું પાલન ન કરનારને શાકભાજીનો પુરવઠો આપવાનું બંધ કરી તેઓની સામે કાયદેસરની કાર્યવાહી કરાશે તેમ સેક્રેટરી એ.એન. જોષીએ જણાવ્યું હતું.



## અરવલ્લીમાં લોકડાઉન અમલવારી માટે પોલીસ વડા મયુર પાટીલે સંભાળ્યો મોરચો

### લોકડાઉનનનો ભંગ કરનાર ૧૦૦ થી વધારે વાહનો ડિટેઈન કરાયા

છેલ્લા કેટલાક દિવસોથી કોરોના વાઈરસના સંક્રમણને રોકવા માટે પ્રધાનમંત્રીએ સમગ્ર દેશમાં લોકડાઉન જાહેર કર્યું છે. અરવલ્લી જિલ્લા પોલીસે કામ વગર બહાર નિકળતા ૧૦૦ જેટલા વાહનો ડિટેઈન કર્યા હતા. તેમજ ટોળાવળી બેસી રહેતા લોકો સામે કાઢીને બહાર ફરી રહ્યા હોવાના કિસ્સાઓ પણ પ્રકાશમાં આવ્યા છે. ત્યારે લોકો રોગની ગંભીરતાને અવગણતા હોય



પરંતુ હજુયે કેટલાય લોકો કોઈપણ જાતની સુરક્ષા વગર બહાર ફરતા નજરે ચઢી રહ્યા છે. પોલીસ દ્વારા માનવતાના ધોરણે અનેક લોકોને જતા કર્યા છે પરંતુ હજુ લોકોમાં રોગની ગંભીરતા ન આવતી હોવાને કારણે અરવલ્લી જિલ્લા પોલીસતંત્રને લાલ આંખ કરવાની ફરજ પડી છે. શુક્રવારના રોજ જીલ્લા પોલીસવડા મયુર પાટીલ મોડાસા ચાર રસ્તા પર અનેક કલાકો ઉભા રહી વાહનચાલકોને કાયદાનો પાઠ ભણાવ્યો હતો પણ કાયદાકીય કાર્યવાહી હાથ ધરાતા લોકોમાં ફફડાટ ફેલાયો છે.

સરકારે કોરોના વાઈરસનું સંક્રમણ દેશમાં વધુ ન થાય તે માટે લોકડાઉન સમગ્ર દેશમાં જાહેર કરી દીધું છે. આગામી ૧૪ એપ્રિલ સુધી લોકડાઉન જાહેર કરવા પાછળનું તાત્પર્ય માત્રને માત્ર લોકોને રોગની ચુંગાલમાંથી છોડાવવાનો છે ત્યારે લોકો પણ પોતાની વિવેક બુધ્ધિ મુકીને બહાર નિકળવાનું ચુકતા નથી. કેટલાક કિસ્સાઓમાં જાત જાતના બહાના પોલીસ તંત્ર દ્વારા લાલ આંખ કરવાની ફરજ પડી છે. શુક્રવારના રોજ કાયદાનો કડક અમલ કરાવવા અરવલ્લી જિલ્લા પોલીસવડા મયુર પાટીલ પણ માર્ગ ઉપર ઉભા રહી ગયા હતા. જ્યારે અરવલ્લી પોલીસે જિલ્લામાંથી કુલ ૧૦૦ જેટલા વાહનો ડીટેઈન કરીને કાયદાની લાઠી ચલાવી છે ત્યારે હજુ પણ અરવલ્લી જિલ્લામાં સ્થિતિ હાથમાં છે જો લોકો નહીં સમજે તો લોકોને હેરાન થવાનો વારો આવે તો નવાઈ નહીં.

## પાલનપુર જુના ગંજમાં હોલસેલ માર્કેટના વેપારીઓ માટે ચાર કલાકની છુટ

કોરોનાનો વ્યાપ ન વધે અને જેને લઈને સમગ્ર દેશમાં લોક ડાઉન કરવામાં આવ્યું છે ત્યારે જીવન જરૂરિયાતની વસ્તુઓનો ગામડાઓ સુધી પુરવઠો પહોંચે જેને લઈને શહેરના હોલસેલ



માર્કેટમાં વ્યવસ્થા કરવામાં આવી છે પાલનપુરના આવશ્યક જીવન જરૂરિયાતની વસ્તુ નાના વેપારીઓને ૪ કલાક ની છુટ આપવામાં આવી છે

કરિયાણું અને અન્ય જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ હોલસેલ ના ભાવે ગામડાના લોકો સુધી પહોંચે અને ગામડાના લોકો શહેરમાં ન આવે પોતાના ઘરમાં જ રહે જેને લઈને પાલનપુર જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓનું હોલસેલ માર્કેટ ગામડામાં આ જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓનો જથ્થો પહોંચાડી રહ્યું છે ગામડાઓના વેપારી પાલનપુર માર્કેટમાં આવી અને પુરવઠાનો જથ્થો લઈ જાય છે અને ગામડાઓમાં લોકો સુધી પહોંચાડે છે કોઈપણ પ્રકારના વધારે ભાવ લેવામાં આવતા નથી અથવા તો બ્લેક માર્કેટ કરવામાં આવતું નથી પ્રિન્ટ કરતા પણ ઓછા ભાવે આ હોલસેલ વેપારીઓ ગામડાના વેપારીઓને જથ્થો પૂરું પાડી રહ્યા છે

પાલનપુર જુના ગંજમાં હોલસેલ માર્કેટના વેપારીઓ ને ૪ કલાક ની છુટ આપવામાં આવી છે સવારે આઠથી બાર વાગ્યા સુધી આ માર્કેટ ખુલ્લું રહે છે જેમાં ગામડાના વેપારીઓ હોલસેલ ભાવે જથ્થો લઈ જઈ અને ગામડાના લોકોને પહોંચાડે છે કોરોનાનો વ્યાપ ના વધે અને સંક્રમણ ન ફેલાય તે હેતુથી આ વહીવટીતંત્રે વ્યવસ્થા કરી છે અને કોઈપણ જાતના ભાવ વધારા વગર લોકોને જીવન જરૂરિયાતનો જથ્થો મળી રહે તેવી વ્યવસ્થા કરાઈ છે.

## પ્રયાસ ગ્રુપ દ્વારા શીકામાં જરૂરિયાતમંદ લોકોને જીવન જરીયાત વસ્તુઓની કીટનુ વિતરણ

કોરોના વાયરસની ૨૧ દિવસના લોકડાઉન જેવી પરિસ્થિતિમાં નિઃસહાય વૃદ્ધોને પ્રયાસ ગ્રુપ ધ્વારા અનાજ



કરીયાણાની કીટ વિતરણ કરવામાં આવી. પ્રયાસ ચેરીટેબલ ટ્રસ્ટના યુવાનો ધનસુરા પંથકમાં ખૂબ સરાહનીય કાર્ય કરે છે. પ્રયાસ ગ્રુપ દ્વારા ધનસુરાના શીકામાં અત્યારે ૨૧ દિવસના લોકડાઉનમાં જરૂરિયાતમંદ લોકોને ૭ દિવસ ચાલે એટલું જીવન જરીયાતની ૧૮ વસ્તુની કીટ આપવામાં આવી હતી. પ્રયાસ ગ્રુપ આ ઉપરાંત ઉનાળામાં પાણીની પરબ, શિયાળામાં ગરીબ બાળકોને સ્વેટરનું વિતરણ જેવા કાર્ય કરે છે. ત્યારે પ્રયાસ ગ્રુપના આ કાર્યની સૌએ સરાહના કરી હતી. પ્રયાસ ગ્રુપ ધનસુરાના મિત્રો આનંદભાઈ પટેલ, જીગ્નેશભાઈ પ્રજાપતિ, જીતેન્દ્રભાઈ, રાજેશભાઈ તથા જયભાઈ જોશી દ્વારા કોરોના વાયરસની ૨૧ દિવસના લોકડાઉન જેવી પરિસ્થિતિમાં નિઃસહાય વૃદ્ધોને અનાજ કરીયાણાની કીટ વિતરણ કરવામાં આવી. શીકા ગામના ડેપ્યુટી સરપંચ બિન્કલબેન વિપુલભાઈ પટેલ પણ સાથે જોડાયા હતા અને બિન્કલબેન પટેલે પ્રયાસ ગ્રુપના આ કાર્યની પ્રસંશા કરી હતી.

## બનાસકાંઠા તથા સમગ્ર ભારતમાં લોકડાઉનની પરીસ્થિતિ વચ્ચે ઘણા લોકો અધવચ્ચે ફસાયા

બનાસકાંઠામાં તંત્ર દ્વારા લોકડાઉન ની પરિસ્થિતિ વચ્ચે બનાસકાંઠામાં પ્રવેશવાની સરહદે



આવેલા વડગામ તાલુકાના ધારેવાડા ચેક પોસ્ટ પર પોલીસ દ્વારા સઘન ચેકીંગ હાથ ધરાતા બહાર ધંધો રોજગાર કરતા લોકો રાજેસ્થાન તરફ જતા ઘણા લોકો અધ્ધ રસ્તે અટવાઈ પડયા હતા. આ અધ રસ્તે અટવાઈ પડેલા લોકોને છાપી પોલીસ તથા જમીયત ઉલ્મા-એ-હિંદ ,મુસ્લિમ એકતા મંચ, દ્વારા આ ફસાયેલા તમામ લોકોને પાણી અને નાસ્તા ની સુવિધાઓ પુરી પાડવામાં આવી હતી.લોકડાઉન પગલે લોકોને પડતી હાલાકી થી ભગવાન પણ દ્રવી ઊઠે એવા હાલ અને લોકોના રૂદન વચ્ચે સમગ્ર માહોલ દયનીય બની ગયો હતો.લોકો ને પોતાના માદરે વતન પહોચાડવા માટે તંત્ર કંઈક વ્યવસ્થા કરે તેવી લોકોની અરજ છે.સરકાર દ્વારા પણ આ બાબતે ગંભીરતા દાખવી ને ધંધા રોજગાર માટે બહાર રહેતા ફસાયેલા લોકોને મદદરૂપ બનીને પોતપોતાના વતન સુધી પહોંચાડાય તેવું બહારથી આવી રહેલા લોકોએ વિનંતી કરી હતી.અત્રે ઉલ્લેખનીય છે કે અધ વચ્ચે રસ્તે અટવાઈ પડેલા લોકોમાં નાના બાળકો, મહિલાઓ,યુવકો જોવા મળ્યા હતાં.

## ડીસામાં લોકડાઉનનું પાલન ન કરનાર વાહન ચાલકો દંડાયા

સમગ્ર દેશમાં કોરોનાના સંક્રમણને રોકવા માટે ૨૧ દિવસ માટે લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. લોકો સ્વૈચ્છિક રીતે આ નિયમનું પાલન કરે તે જન હિતમાં જરૂરી છે પરંતુ ડીસાના મોટાભાગના લોકોમાં આ ગંભીર બીમારી પ્રત્યેની જાગરૂકતાનો સતત અભાવ જોવા મળે છે, જેના કારણે લોકડાઉનનું પાલન કર્યા વગર સામાન્ય કામે બહાર નીકળી બજારમાં આમથી તેમ ફરતા લોકો જોવા મળે છે. પરંતુ વાહનચાલકોની આ બેદરકારીનો ભોગ અન્ય લોકો ના બને તે માટે પોલીસે સખ્તાઈ દાખવી હતી તેમજ બિન જરૂરી કામ વગર શહેરમાં ફરતા આવા વાહનોને ડિટેઈન કરવાની કામગીરી શરૂ કરી હતી તેથી વગર કામે ફરતા વાહન ચાલકોમાં ફફડાટ ફેલાયો છે પરંતુ પોલીસની આ કામગીરીને બુદ્ધિજીવી પ્રજામાં ભારે આવકાર સાંપડયો હતો.



### ઘેરી ચિંતા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સમાન હોવાના સુર પણ નગરજનોમાં ઉઠવા પામ્યો હતો. વરસાદી વાયરા સાથે વાવોલમાં કેટલાક ઠેકાણે લાઈટો ડુલ થઈ ગઈ હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી હતી. જયારે વરસાદના લીધે સેકટરોની શેરીઓમાં કેટલીક જગ્યાએ પાણીના ખાબોચિયા ઉભરાતા મચ્છરોના ઉપદ્રવ વચ્ચે અન્ય રોગચાળાનો પણ ખતરો મંડરાયો હોવાની દહેશત નગરજનો વ્યકત કરી રહ્યા છે. ત્યારે શહેરમાં સફાઈ અને દવાછંટકાવની કામગીરી પણ પુરજોશમાં હાથ ધરવાની અનિવાર્યતા હોવાની માંગ ઉઠવા પામી છે. ચૈત્ર મહીનામાં ચામડીને દાહ આપે તેવી ગરમીના બદલે મોસમમાં નાટયાત્મક પલ્ટો આવતા નગરજનો પણ સુસ્ત અને મંદ મોસમથી ત્રાહીમામ બન્યા છે. હવામાન નિષ્ણાંતોના મતે હજુ આગામી બે ચાર દિવસ મોસમ પલ્ટો આવી શકે તેમ છે. ત્યારે આકરી ગરમીના દિવસોમાં નગરમાં ચોમાસા જેવી સ્થિતિ જોવા મળી રહી છે. ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં આકાશમાંથી અગ્નજવાળ વરસવાના બદલે પાણી પડતા મોસમ પણ ફેવરેબલ ન હોવાનો અજંપો સ્થાનિકોમાં પ્રવર્તયો છે.

### ઓફલાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાજ્યોના કામદારો-શ્રમિકોને પણ પ્રવર્તમાન લોકડાઉન સ્થિતીમાં રહેવા-ખાવાની વ્યવસ્થાઓમાં કોઈ અગવડતા ન પડે તે માટે રાજ્યના જિલ્લા વિહવટીતંત્રોને પણ સાબદા કર્યા છે. અશ્વિનીકુમારે આ સંદર્ભમાં કહ્યું કે, આવા શ્રમિકો-કામદારોને રહેવા-જમવાની યોગ્ય વ્યવસ્થાઓ માટે જિલ્લા કક્ષાએ કંટ્રોલ રૂમની હેલ્પલાઈન ૧૦૭૭ કાર્યરત કરવામાં આવી છે. આ હેલ્પલાઈન પર સંપર્ક સાધવાથી સંબંધિત જિલ્લા વહિવટીતંત્ર સ્થાનિક સ્વૈચ્છિક સંગઠનોના સહયોગથી આવા શ્રમિકો-કામદારો માટે ભોજન-આવાસ સુવિધા ગોઠવશે. રાજ્યમાં લોકડાઉનનો સંપૂર્ણતઃ ચુસ્તપણે અમલ થાય અને નાગરિકો-પ્રજાજનોને જીવન આવશ્યક ચીજવસ્તુઓ ખરીદવા માટે ઘરની બહાર માર્કેટમાં આવવું ન પડે તે માટે પણ મુખ્યમંત્રીના દિશાનિર્દેશમાં રાજ્ય સરકારે પુરવઠા વિતરણ વ્યવસ્થાઓ સુદ્રઢ બનાવી છે.

### ચિંતાજનક વધારો...

● પહેલા પાનાનું ચાલુ

હોવા છતાં દેશના જુદા જુદા ભાગોમાં કોરોનાના નવા કેસો સપાટી પર આવી રહ્યા છે. જે ચિંતા ઉપજાવે છે. છેલ્લા પાંચ દિવસના ગાળામાં ભારતમાં દરરોજ સરેરાશ ૫૬ કેસો નોંધાઈ રહ્યા છે. કુલ ૫૬ લોકો ભારતમાં રિકવર થઈ ચુક્યા છે. ગોવામાં નવા કેસો સપાટી પર આવ્યા છે. તમામ ત્રણેયની વય ૨૫, ૨૮ અને ૫૫ વર્ષ હોવાના હેવાલ મળ્યા છે. તમામ ત્રણેય સ્પેન, ઓસ્ટ્રેલિયા અને અમેરિકામાંથી આવ્યા છે. ગોવા અને ઉત્તપૂર્વમાં કોરોનાની એન્ટ્રી થઈ છે. સોમવારના દિવસે ૯૯ કેસો નોંધાયા બાદ બુધવારના દિવસે ૯૪ કેસો સપાટી પર આવ્યા હતા. જ્યારે ગુરૂવારના દિવસે ૭૧ કેસો સપાટી પર આવ્યા હતા. કોરોના વાયરસના કેસો ભારતમાં પણ હવે વધી રહ્યો છે. કોરોનાને રોકવાના હેતુસર સાવચેતીના પગલા લેવાનો સિલસિલો જારી છે.

### સેના તૈયાર...

● પહેલા પાનાનું ચાલુ

દેશોએ આ સંકટનો સામનો કરવા માટે સેનાની મદદ લીધી છે. જેના પર આર્મી ચીફે જણાવ્યું કે, ભારતીય સેના દેશના લોકો માટે છે. જો જરૂરિયાત જણાશે અને સરકાર કહેશે તો સેના પણ સંપૂર્ણ તૈયાર છે. કોરોના વાઈરસના કેસો સતત વધી રહ્યાં છે. એવામાં મેડિકલ સર્વિસની જરૂરિતાય આગળ વધી શકે છે. ભારતીય સેનાએ તમામ જવાનોને કોરોના વાઈરસ વિશે જાણકારી આપી છે અને જરૂરી સાવધારી રાખવા જણાવ્યું છે.

### હપ્તામાંથી મુક્તિ...

● પહેલા પાનાનું ચાલુ

રિઝર્વ બેંકે આજે કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો કર્યા હતા. આના ભાગરુપે તમામ બેંકો માટે કેશ રિઝર્વ રેશિયો અથવા સીઆરઆરમાં ૧૦૦ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરવામાં આવ્યો છે. નવો રેશિયો નેટ ડિમાન્ડના ત્રણ ટકાની આસપાસ રહેશે. નવા દરો આવતીકાલથી શરૂ થઈ રહેલા ફોર્ટનાઈટથી શરૂ થશે. સીઆરઆરમાં ૧૦૦ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરવાથી બજારમાં ૧.૩૭ લાખ કરોડ રૂપિયા આવશે. આરબીઆઈએ અન્ય કેટલીક સૂચનાઓ પણ બેંકને આપી છે. તેમણે કહ્યું છે કે, ભારતીય બેંકિંગ સુવિધા બિલકુલ સુરક્ષિત છે. આને લઈને શંકા કરવાની કોઈ જરૂર નથી. ત્રીજી એપ્રિલના દિવસે આરબીઆઈની નાણાંકીય નીતિ સમીક્ષા બેઠકમાં વ્યાજદરમાં ઘટાડો કરવામાં આવશે તેમ માનવામાં આવી રહ્યું હતું પરંતુ લોકડાઉનના પરિણામ સ્વરુપે વર્તમાન સ્થિતિને ધ્યાનમાં લઈને આરબીઆઈના ગવર્નરે આજે જ મોટા પગલા જાહેર કરી દીધા હતા. જાણકાર લોકો માની રહ્યા હતા કે, નીતિગત વ્યાજદરોમાં ૨૫થી ૫૦ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરાશે.

### કોરોનાનો હાહાકાર...

● પહેલા પાનાનું ચાલુ

છે પરંતુ હજુ કેસો દરરોજ હજારો નોંધાઈ રહ્યા છે.વધુને વધુ દેશો તેના વિકરાળ સકંજામાં આવી રહ્યા છે. ઈટાલીમાં કાળો કેર જારી છે. કોરોના વાયરસના કારણે જે દેશો સૌથી વધારે પ્રભાવિત છે તેમાં ઈટાલી, અમેરિકા, સ્પેન, જર્મની, ઈરાન, ફ્રાન્સ, સ્વીસનો સમાવેશ થાય છે. નેધરલેન્ડ સહિતના દેશો પણ મુશ્કેલીમાં છે. ભારતમાં પણ કેસોની સંખ્યામાં ચિંતાજનક રીતે વધારે થઈ રહ્યો છે. કોરોના વાયરસના કારણે દુનિયાના દેશોમાં હાલત ખરાબ થયેલી છે. દરરોજ નવા નવા કેસો અને મોતના આંકડા આવી રહ્યા છે.

હજુ સુધી કોઈ દેશને આ ખતરનાક સ્વરૂપ ધારણ કરી ચુકેલા કોરોના વાયરસને કાબુમાં લેવામાં સફળતા મળી રહી નથી. તમામ દેશ યુદ્ધના ધોરણે પ્રયાસ કરી રહ્યા છે પરંતુ સ્થિતી બિલકુલ બેકાબુ બનેલી છે. ઈટાલીમાં ચાર હજારથી વધારેની હાલત ગંભીર બનેલી છે. દરરોજ કેસોની સંખ્યામાં ચિંતાજનકરીતે વધારો થઈ રહ્યો છે. ગંભીર રીતે બિમારીના સકંજામાં રહેલા લોકોની સંખ્યા હજારોમાં છે.જે કુલ કેસોના ૨૧ ટકા જેટલી છે.